# DAKSHએ કેપેસિટી બિલ્ડિંગ કમિશન અને SCOPEની સંયુક્ત પહેલ

## DAKSH લીડરશીપ પ્રોગ્રામની બીજી બેચનું ઉદ્ઘાટન, અસ્થિર વિશ્વમાં જાહેર ક્ષેત્ર ભારતની વૃદ્ધિનો વ્યૂહાત્મક સ્તંભ છેઃ ડૉ. પી. કે. મિશ્રા, પ્રધાનમંત્રીના મુખ્ય સચિવઃ મિશન કર્મયોગી જાહેર ક્ષેત્રમાં આજીવન શિક્ષણની સંસ્કૃતિ બનાવી રહ્યું છેઃ અલકા મિત્તલ, CBC






અમદાવાદ,તા.૭

સેન્ટ્રલ પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઈઝિસ (CPSEs) ના વરિષ્ઠ એક્ઝિક્યુટિવ્સ માટેના ફ્લેગશિપ લીડરશીપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ, DAKSH (Development of Aspiration, Knowledge, Succession and Harmony) ની બીજી બેચનું ઉદ્ઘાટન સત્ર નવી દિલ્હીના SCOPE કન્વેન્શન સેન્ટર ખાતે યોજાયું હતું. આ કાર્યક્રમ મોટા મિશન કર્મયોગી માળખાના ભાગ રૂપે કેપેસિટી બિલ્ડિંગ કમિશન (CBC) અને સ્ટેન્ડિંગ કોન્ફરન્સ ઓફ પબ્લિક એન્ટરપ્રાઈઝિસ (SCOPE) દ્વારા સંયુક્ત રીતે આયોજિત કરવામાં આવ્યો છે.આ ઉદ્ઘાટન પ્રસંગે ભારત સરકાર અને જાહેર ક્ષેત્રના વરિષ્ઠ નેતૃત્વ હાજર રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોમાં પ્રધાનમંત્રીના મુખ્ય સચિવ ડૉ. પી. કે. મિશ્રા; કે. મોસેસ ચલાઈ, સચિવ, જાહેર સાહસ વિભાગ; અને રચના શાહ, સચિવ, પર્સનલ અને ટ્રેનિંગ વિભાગ, એસ. રાધા ચૌહાણ, અધ્યક્ષ, કેપેસિટી બિલ્ડિંગ કમિશન; કે. પી. મહાદેવસ્વામી, અધ્યક્ષ, SCOPE; અતુલ સોબતી, મહાનિર્દેશક, SCOPE અને અલકા મિત્તલ, સભ્ય (વહીવટ), કેપેસિટી બિલ્ડિંગ કમિશન સામેલ હતા.

સહભાગીઓનું સ્વાગત કરતા, SCOPE ના DG શ્રી અતુલ સોબતીએ જણાવ્યું હતું કે DAKSH નેતાઓને પ્રતિબિંબિત કરવા, તૈયાર કરવા અને પોતાની જાતને બદલવામાં મદદ કરશે. તેમણે ઉમેર્યું હતું કે આ કાર્યક્રમ નેતૃત્વના ઉદભવ, વ્યૂહાત્મક વિકાસ અને આંતરરાષ્ટ્રીય એક્સપોઝર માટે તક પૂરી પાડશે.

કાર્યક્રમનો સંદર્ભ સ્થાપિત કરતા, કેપેસિટી બિલ્ડિંગ કમિશનના સભ્ય અલકા મિત્તલે DAKSH ની ડિઝાઈન અને ઉદ્દેશ્યો પર વિગતવાર પ્રસ્તુતિ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે આ કાર્યક્રમ ૧૨-મહિનાની પરિવર્તનકારી નેતૃત્વ યાત્રા તરીકે સંરચિત છે, જેમાં ડિજિટલ શિક્ષણ, અગ્રણી સંસ્થાઓમાં ક્લાસરૂમ જોડાણ, એક્ઝિક્યુટિવ કોચિંગ, લાઈવ એક્શન લર્નિંગ પ્રોજેક્ટ્સ અને આંતરરાષ્ટ્રીય એક્સપોઝરનો સમાવેશ થાય છે. તેમણે શેર કર્યું કે DAKSH ની પ્રથમ બેચમાં ૭૩ વરિષ્ઠ CPSE અધિકારીઓને તાલીમ આપવામાં આવી હતી, જ્યારે બીજી બેચમાં ૭૨ સહભાગીઓ છે જેઓ ઊર્જા, અવકાશ અને સંરક્ષણ, પરિવહન અને લોજિસ્ટિક્સ, ખાણકામ અને ખનિજો, ઉત્પાદન અને બાંધકામ સહિતના વિવિધ ક્ષેત્રોમાંથી લેવામાં આવ્યા છે.

તેમણે મિશન કર્મયોગી હેઠળની મુખ્ય સિદ્ધિઓ પર પણ પ્રકાશ પાડ્યો હતો, જેમાં iGOT ડિજિટલ પ્લેટફોર્મ પર અધિકારીઓનું મોટા પાયે ઓનબોર્ડિંગ, કર્મયોગી સપ્તાહ જેવી પહેલો દ્વારા આજીવન શિક્ષણનું સંસ્થાકીયકરણ, કર્મયોગી સક્ષમતા મોડેલનો વિકાસ, તાલીમ સંસ્થાઓનું માન્યતાકરણ અને ભારત-કેન્દ્રિત કેસ સ્ટડીઝના રાષ્ટ્રીય ભંડાર અમૃત જ્ઞાન કોષની રચનાનો સમાવેશ થાય છે. CPSEs માટે અગ્રતાના સુધારા ક્ષેત્રો તરીકે નેતૃત્વ વિકાસ, યોગ્યતા-આધારિત વૃદ્ધિ, પ્રતિભા ગતિશીલતા અને ટેકનોલોજી-સક્ષમ શિક્ષણ પર ભાર મૂકવામાં આવ્યો હતો.સંબોધન આપતા, પ્રધાનમંત્રીના મુખ્ય સચિવ ડૉ. પી. કે. મિશ્રાએ ભારતની વિકાસ યાત્રામાં જાહેર ક્ષેત્રના સાહસોની વિકસતી ભૂમિકા વિશે વાત કરી હતી. તેમણે યાદ કર્યું કે આઝાદી પછી દેશના ઔદ્યોગિક અને માળખાગત પાયાના નિર્માણમાં ઝ઼જીઈજ એ પાયાની ભૂમિકા ભજવી હતી, જેણે આર્થિક વૃદ્ધિ, નાણાકીય સ્થિરતા અને રાષ્ટ્રીય આત્મનિર્ભરતા માટે પાયો નાખ્યો હતો. તેમણે કહ્યું કે દાયકાઓ સુધી, જાહેર ક્ષેત્રના સાહસો ભારતની વિકાસ વ્યૂહરચનાની કરોડરજ્જુ સમાન રહ્યા છે.

ડૉ. પી. કે. મિશ્રાએ જણાવ્યું હતું કે સમય જતાં, વૈશ્વિકીકરણ, તકનીકી પરિવર્તન અને આર્થિક સુધારાઓએ વૈશ્વિક અને સ્થાનિક આર્થિક લેન્ડસ્કેપને બદલી નાખ્યું છે. તેમણે અવલોકન કર્યું કે જાહેર વિરુદ્ધ ખાનગી ક્ષેત્રના વર્ચસ્વની ચર્ચાઓએ હવે વધુ સંકલિત અભિગમ માટે માર્ગ મોકળો કર્યો છે, જ્યાં સ્પર્ધાત્મકતા, કાર્યક્ષમતા અને નવીનતા કેન્દ્રસ્થાને બની ગયા છે. આ બદલાતા સંદર્ભમાં, ઝ઼જીઈજ પાસેથી અપેક્ષાઓ પણ વિકસી છે, જે તેમને રાષ્ટ્રીય પ્રાથમિકતાઓની સેવા કરવાનું ચાલુ રાખવાની સાથે વધુ ચપળતા સાથે કાર્ય કરવાની આવશ્યકતા ધરાવે છે.ડૉ. મિશ્રાએ જણાવ્યું હતું કે મુક્ત વ્યાપાર કરારો અને વ્યૂહાત્મક ભાગીદારી દ્વારા ભારત વૈશ્વિક અર્થતંત્ર સાથે તેનું સંકલન ઊંડું કરી રહ્યું છે, ત્યારે CPSEs એ માત્ર સ્થાનિક જ નહી પણ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ સ્પર્ધા કરવા તૈયાર રહેવું જોઈએ. તેમણે નોંધ્યું હતું કે અનેક મુખ્ય અર્થતંત્રોમાં જાહેર ક્ષેત્રના સાહસો આર્થિક વિકાસમાં, ખાસ કરીને અનિશ્ચિતતાના સમયમાં વ્યૂહાત્મક ભૂમિકા ભજવવાનું ચાલુ રાખે છે.

ડૉ. મિશ્રાએ ૨૦૨૧ ની જાહેર ક્ષેત્રની સાહસ નીતિ (Public Sectro Enterprise Policy) નો પણ ઉલ્લેખ કર્યો, જેમાં CPSEs ને વ્યૂહાત્મક અને બિન-વ્યૂહાત્મક ક્ષેત્રોમાં વર્ગીકૃત કરવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે જ્યારે ખાનગી સાહસોની ભૂમિકા વિસ્તરી રહી છે, ત્યારે ઊર્જા, સંરક્ષણ, માળખાગત સુવિધા અને નાણાં જેવા વ્યૂહાત્મક ક્ષેત્રોમાં જાહેર ક્ષેત્રના સાહસો આવશ્યક રહે છે, જ્યાં લાંબા ગાળાના રાષ્ટ્રીય હિતો, સ્થિરતા અને સ્થિતિસ્થાપકતા નિર્ણાયક છે. તેમણે ઉમેર્યું હતું કે જાહેર ક્ષેત્રના સાહસો એવા બજારોમાં સંતુલિત ભૂમિકા ભજવે છે જે હંમેશા સંપૂર્ણ હોતા નથી અને જ્યાં જાહેર વસ્તુઓ અને રાષ્ટ્રીય સુરક્ષાની બાબતો સામેલ હોય છે.ટેકનોલોજી અને નવીનતાના વધતા મહત્વ પર પ્રકાશ પાડતા, ડૉ. પી. કે. મિશ્રાએ જણાવ્યું હતું કે CPSEs એ ટેકનોલોજી-લક્ષી અને નવીનતા-સંચાલિત રહેવું જોઈએ. તેમણે ભારતની વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર (DPI) અને UPI જેવા ઉદાહરણો, જાહેર ક્ષેત્રની બેંકિંગમાં સુધારેલી ટેકનોલોજી અપનાવવા અને સ્વચ્છ ઊર્જા જેવા ક્ષેત્રોમાં પ્રગતિનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે સાયબર સિક્યોરિટી, ડેટા ગવર્નન્સ અને એનર્જી ટ્રાન્ઝિશન જેવા ક્ષેત્રોમાં નેતૃત્વ કરવા માટે જાહેર ક્ષેત્રના સાહસો સારી સ્થિતિમાં છે, જ્યાં રાષ્ટ્રીય ટ્રસ્ટ અને લાંબા ગાળાની પ્રતિબદ્ધતા મહત્વપૂર્ણ છે.

નેતૃત્વ અને માનવ મૂડી પર ભાર મૂકતા, ડૉ. મિશ્રાએ જણાવ્યું હતું કે સંસ્થાઓ આખરે તેમના નેતૃત્વની ગુણવત્તા પર આધાર રાખે છે. તેમણે સતત શિક્ષણ, અનુકૂલનક્ષમતા અને વ્યૂહાત્મક વિચારસરણીના મહત્વ પર ભાર મૂક્યો હતો, ખાસ કરીને ઝડપી તકનીકી પરિવર્તનના યુગમાં. તેમણે સહભાગીઓને સંગઠનાત્મક સીમાઓની બહાર તેમના દ્રષ્ટિકોણને વ્યાપક બનાવવા, નિર્ણય લેવાની ક્ષમતાને મજબૂત કરવા, સહયોગી રીતે કામ કરવા અને વહેંચાયેલ રાષ્ટ્રીય ઉદ્દેશ્યો સાથે સુસંગત ટીમો બનાવવા માટે DAKSH કાર્યક્રમનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કર્યા.અગાઉ, જાહેર સાહસ વિભાગના સચિવ શ્રી કે. મોસેસ ચલાઈ એ CPSEs ના સ્કેલ અને આર્થિક યોગદાન વિશે ટૂંકમાં વાત કરી હતી, અને જીડીપી (GDP) જનરેશન અને કેન્દ્રીય તિજોરીમાં તેમના નોંધપાત્ર યોગદાનની નોંધ લીધી હતી. તેમણે કહ્યું કે વૈશ્વિક અને સ્થાનિક સંક્રમણો વચ્ચે આ યોગદાનને ટકાવી રાખવા માટે ભવિષ્ય માટે તૈયાર નેતૃત્વ તૈયાર કરવું આવશ્યક છે, અને DAKSH ને તે દિશામાં એક સમયસરની પહેલ ગણાવી હતી.

કેપેસિટી બિલ્ડિંગ કમિશનના આભાર - નિહારીકા રવિયા સચિવ જગદીપ ગુપ્તાએ આભારવિધિ કરી હતી. તેમણે મિશન કર્મયોગીના વિઝનને આગળ ધપાવવા માટે કમિશનની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. DAKSH લીડરશીપ પ્રોગ્રામ વરિષ્ઠ એક્ઝિક્યુટિવ્સને ઉચ્ચ નેતૃત્વની ભૂમિકાઓ માટે તૈયાર કરવા માટે કલ્પના કરવામાં આવ્યો છે જ્યારે તેમને રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ અને વૈશ્વિક પડકારોનો અસરકારક રીતે પ્રતિસાદ આપવા માટે સક્ષમ બનાવે છે.

# કારમાં ત્રણ ટાંકી, નળ ચાલુ કરો અને વિદેશી દારૂ ભરો! વડોદરામાં દારૂની હેરાફેરીનો નવો કીમિયો

## પોલીસે તરસાલીમાંથી ૩ લાખથી વધુનો લૂઝ દારૂના જથ્થા સાથે યુવાનની ધરપકડ કરી

વડોદરા,

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં પણ અવારનવાર વિવિધ રીતે છુપાવીને દારૂનો જથ્થો અપાતો હોય છે. ત્યારે વડોદરામાં તો એક યુવાને મગજ ચકરાવે ચઢાવે તેવી રીતથી ગોવાથી વડોદરા દારૂ લાવતો હતો. દારૂની હેરાફેરી કરવા માટે બુટલેગરે કારમાં ત્રણ ટાંકી બનાવીને ત્રણ નળ લગાવ્યા હતા. જે નળ ચાલુ કરતા જ તેમાંથી વિદેશી દારૂ નીકળતો હતો. ટાંકીમાંથી લૂઝ દારૂ કાઢી બોટલમાં ભરીને છૂટક વેચાણ કરવામાં આવતું હતું. પોલીસે તરસાલીમાંથી ૩ લાખથી વધુનો લૂઝ દારૂના જથ્થા સાથે અમિત મણિલાલ સોલંકીની ધરપકડ કરી છે. આરોપી ગોવાથી દારૂ લાવીને વડોદરામાં વેચતો હતો.

વડોદરામાં દારૂની હેરાફેરીની નવી તરકીબ સામે આવી છે. આરોપી અમિત મણિલાલ સોલંકી ગોવાથી દારૂ લાવીને વડોદરામાં વેચાણ કરતો હતો. આરોપી બુટલેગરે કારમાં ત્રણ ટાંકી બનાવી ત્રણ નળ લગાવીને દારૂની હેરાફેરી કરી છે. આ બુટલેગર દારૂથી ટાંકી ખીચોખીચ ભરીને નશાનો કારોબાર કરતો હતો.

બુટલેગરે કારની બ્રેક લાઈટ, ટાયર પાસે ટાંકીના વાલ્વ લગાવ્યા હતા. નળ ચાલુ કરતા જ ટાંકીમાંથી વિદેશી દારૂ નીકળતો હતો. ટાંકીમાંથી લૂઝ દારૂ કાઢી બોટલમાં ભરીને છૂટક વેચાણ કરવામાં આવતું હતું.

પોલીસે કાર લઈને આવેલા આરોપી અમિત મણિલાલ સોલંકી (રહે ચિત્રા નગર સોસાયટી) ને ઝડપી પાડ્યો હતો. તેણે દારૂ છૂટક ભરવા માટે કારમાં ત્રણ ટાંકીઓ રાજસ્થાનથી બનાવી હતી અને તેના ઢાંકણા પાછળની લાઈટોમાં તથા સીટમાં ફિટ કર્યા હતા.પોલીસે તેની પાસેથી દારૂની પાંચ બોટલ તથા ૨૪૫ લિટર વિદેશી દારૂ જેની કિંમત રૂપિયા ૩.૬૭ લાખ છે જેને કબજે કર્યો હતો.પોલીસે વિદેશી છૂટક દારૂ, કાર, બે મોબાઈલ ફોન અને રોકડા મળીને કુલ ૯.૧૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

# સુરતમાં આયુષ્માન કાર્ડમાં ભ્રષ્ટાચાર, રિન્યુ માટે ૪ હજારની માંગ

સુરત,

સુરતમાં આયુષ્યમાન કાર્ડના નામે ગોરખ ધંધો ચાલતો હોવાનો ઘટસ્ફોટ થયો છે. આ યોજના સારવાર કરાવવા માટે ગરીબ-મધ્યમ વર્ગના લોકોને આર્શીવાદરૂપ સાબિત થઈ છે પરંતુ ક્યાંકને ક્યાંક આમાં ભ્રષ્ટાચારની ગંધ આવી રહી છે. પાલિકાના વિપક્ષે આક્ષેપ કર્યો છે કે આ કાર્ડ રિન્યુ કરાવવા માટે અરજદારો પાસેથી ૪ હજાર લેવામાં આવે છે. અને જો પૈસા ન મળે તો બે મહિના સુધી અરજી પેન્ડીંગ રાખવામાં આવે છે. તો બીજી તરફ પાલિકાના વિપક્ષે ભ્રષ્ટાચાર અને એજન્ટોની મિલીભગત સામે તાત્કાલિક તપાસ કરવા માંગણી કરી છે.

આ મામલે સુરત પાલિકાના વિપક્ષના કોર્પોરેટરોએ મ્યુનિસિપલ કમિશનરને એક પત્ર લખ્યો છે અને પત્રમાં જણાવ્યું છે કે સરકારની આયુષ્યમાન ભારત યોજના ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે આશીર્વાદ સમાન છે.પરંતુ સુરતમાં આ યોજનામાં ભારે ભષ્ટ્રાચાર અને ગેરરીતિ આચરવામાં આવી રહી છે.

અરજદારો આ કાર્ડને રિન્યુ કરાવવા માટે આવે છે. તેમની પાસેથી ૪ હજાર લેવામાં આવતા હોવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવી રહ્યો છે. જે અરજદાર ફાસ્ટ એપ્રુવલ માટે પૈસા આપે છે. તેમના કાર્ડ માત્ર બે કલાકમાં એપ્રુવ થઈ જાય છે. જે અરજદાર પૈસા ન આપે તેમને એકથી બે મહિના સુધી ધક્કા ખાવા પડે છે અથવા તો તેમની અરજી પેન્ડિંગ રાખવામાં આવે છે.

દલાલો અને સરકારી વિભાગના અમુક અધિકારીઓની મિલીભગત વગર આ કામ શક્ય નથી. જે ગરીબ અને મધ્યમ વર્ગના લોકોની મજબુરીનો ફાયદો ઉઠાવે છે. જો આયુષ્માન કાર્ડ જેવી યોજનાઓમાં આવો ભષ્ટ્રાચાર થતો હોય તો બીજી યોજનાઓમાં શું ન થતુ હોય તે સવાલ થઈ રહ્યો છે.

# બારડોલી : પ્રેમી પંખીડા ભાગી જતાં યુવકના પરિવારનું જાહેરમાં સરઘસ કાઢી તાલિબાની સજા

## યુવકના ઘરમાં ઘૂસી તોડફોડ કરી પરિવારના સભ્યો પર જીવલેણ હુમલો કર્યો

સુરત,

સુરતના બારડોલી તાલુકાના એક ગામમાં તાલિબાની સજા આપવાની ઘટના સામે આવી છે. બારડોલી તાલુકાના મસાડ ગામેથી કાયદો અને વ્યવસ્થાને પડકારતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. મસાડ ગામના હળપતિ સમાજનો એક યુવક ગામની યુવતી સાથે ભાગી ગયો હતો. આ બાબતની જાણ યુવતીના પરિવારને થતાં તેઓ ઉશ્કેરાઈ ગયા હતા. કાયદાનો ડર રાખ્યા વિના, યુવતીના કુટુંબીજનોએ યુવકના પરિવાર પર પોતાનો રોષ ઠાલવવાનું નક્કી કર્યું અને કાયદો હાથમાં લીધો.

મળતી માહિતી અનુસાર, યુવતીના ઉશ્કેરાયેલા કુટુંબીજનોએ પ્રથમ યુવકના ઘરમાં ઘૂસી ગયા હતા. ત્યાં તેમણે તોડફોડ કરી યુવકના પરિવારના સભ્યો પર જીવલેણ હુમલો કર્યો હતો. એટલાથી પણ સંતોષ ન થતા, આરોપીઓએ યુવકની માતા, ભાઈ અને બહેનને પકડી આખા ગામમાં તેમનું સરઘસ કાઢ્યું હતું. બદલો લેવાની ભાવનાથી યુવકના ભાઈ, બહેન અને માતાને આખા ગામમાં જાહેરમાં સરઘસ કાઢી અપમાનિત કરાયા.જયારબાદ બદલો લેવા માટે યુવકના પરિવારને માર મારી આખા ગામમાં સરઘસ કઢાયું હતું. આટલું જ નહીં, યુવતીના પરિવારે હદ તો ત્યારે કરી નાખી, જ્યારે માનવતા નેવે મૂકી આરોપીઓએ પીડિત પરિવારને ગામના ચોરે દોરડા વડે બાંધી ક્રૂરતાપૂર્વક માર માર્યો. આ ગંભીર અત્યાચારનો ભોગ બન્યા બાદ લાચાર પરિવાર ન્યાયની આશાએ બારડોલી પોલીસ મથકે પહોંચ્યો હતો.પરિવારની વ્યથા સાંભળી પોલીસે તાત્કાલિક ગુનો નોંધી કડક કાર્યવાહી હાથ ધરી છે. આ સમગ્ર મામલે ભોગ બનનાર પરિવારે બારડોલી રૂરલ પોલીસ મથકે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છેપોલીસે પરિવારની ફરિયાદના આધારે રાયોટિંગ અને એટ્રોસિટી એક્ટ ગુનો દાખલ કર્યો છે. . યુવતીના પરિવાર વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવવા પોલીસે ૧૩ લોકોની ધરપકડ કરી છે. હાલ તો પોલીસે આગળની વધુ તપાસ હાથ ધરી છે.

# અમદાવાદની સેવન્થ ડે સ્કૂલમાં મારામારી મુદ્દે કડક કાર્યવાહી કરવામાં આવશે:શિક્ષણમંત્રી

## ઘટનાની જાણ જિલ્લા શિક્ષણ અધિકારીને સમયસર કરવામાં આવી હતી કે નહીં તે બાબતની પણ તપાસ કરવામાં આવશે




અમદાવાદ,

અમદાવાદની સેવન્થ ડે સ્કૂલમાં થયેલા મારામારીના બનાવને લઈને રાજયના શિક્ષણમંત્રીનું મહત્વપૂર્ણ નિવેદન સામે આવ્યું છે. સ્કૂલ વિરુદ્ધ મળેલી ફરિયાદને ગંભીરતાથી લઈ શિક્ષણ વિભાગ દ્વારા સમગ્ર મામલાની તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

શિક્ષણમંત્રીએ જણાવ્યું કે આ કેસની તપાસની જવાબદારી શિક્ષણ નિરીક્ષકને સોંપવામાં આવી છે. શાળાની કામગીરી, ઘટનાક્રમ અને ફરિયાદ સંબંધિત તમામ મુદ્દાઓની વિગતવાર તપાસ કરવામાં આવશે. આ ઉપરાંત, સંબંધિત શાળાને નોટિસ પણ પાઠવવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું.

શિક્ષણમંત્રીએ વધુમાં કહ્યું કે ઘટનાની જાણ જિલ્લા શિક્ષણ અધિકારીને સમયસર કરવામાં આવી હતી કે નહીં, તે બાબતની પણ તપાસ કરવામાં આવશે. જો તપાસ દરમિયાન કોઈ પ્રકારની બેદરકારી અથવા નિયમોનું ઉલ્લંઘન સામે આવશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે તેવી ચેતવણી પણ આપવામાં આવી છે.

અમદાવાદની બહુચર્ચિત સેવન્થ ડે સ્કૂલ એકવાર ફરી વિવાદમાં આવી ગઈ છે. આ વખતે મામલો વિદ્યાર્થીઓ વચ્ચેની મારામારીનો છે. સ્કૂલના ધોરણ ૭ના વિદ્યાર્થીને અન્ય ત્રણ વિદ્યાર્થીઓને માર માર્યાની ફરિયાદ વાલીએ ખોખરા પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે. ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે ઓગસ્ટમાં આ જ સ્કૂલમાં ધોરણ ૧૦માં ભણતા વિદ્યાર્થીની હત્યાનો મામલો સામે આવ્યો હતો. ત્યારે હવે ફરી એક વાર વિદ્યાર્થી સાથે હિંસાનો કેસ સામે આવતા સેવન્થ ડે સ્કૂલમાં ભણતા તમામ વિદ્યાર્થીઓના વાલીઓમાં પોતાના બાળકોની સુરક્ષાને લઈને ચિંતામાં મૂકાઈ ગયા છે.માહિતી પ્રમાણે, સ્કૂલમાં ભણતા ધોરણ ૭ના એક વિદ્યાર્થીને અન્ય ત્રણ વિદ્યાર્થીઓએ બાથરૂમમાં લઈ જઈને માર માર્યાની ગંભીર ફરિયાદ નોંધાઈ છે. આ સમગ્ર મામલે ખોખરા પોલીસ સ્ટેશનમાં વાલીએ ફરિયાદ નોંધાવતા ઘટના પ્રકાશમાં આવી છે. ફરિયાદ પ્રમાણે, ધોરણ ૭ના વિદ્યાર્થીને ૩ વિદ્યાર્થીઓએ માર મારીને શર્ટના બટન તોડી નાખ્યા. મોનિટર વિદ્યાર્થીએ અન્ય વિદ્યાર્થીઓને લાઈનમાં આવવા કહ્યું હતું. આ વાતને લઈને ત્રણ વિદ્યાર્થીઓએ અદાવત રાખી હતી. ત્યારે આદવતમાં ત્રણ વિદ્યાર્થીઓએ પીડિત વિદ્યાર્થીને શર્ટ પર બ્લેડ મારી બટન તોડી નાખી માર માર્યો હોવાનું સામે આવ્યું છે. આ અંગે વાલીએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.હાલમાં સેવન્થ ડે સ્કૂલનો વહીવટ સરકાર હસ્તક છે. ત્યારે આ મામલો સામે આવતા જિલ્લા શિક્ષણ અધિકારીએ પણ કડક કાર્યવાહી કરતાં સેવન્થ ડે સ્કૂલના આચાર્ય અને એડમિન હેડને નોટિસ ફટકારી છે. ડ્ઢઈએ સ્પષ્ટ જણાવ્યું છે કે જો કસૂરવાર હશે તો શાળાના આચાર્ય અને એડમિન હેડ સામે પણ કાર્યવાહી થશે.

# ૨૦ રૂપિયાની લાંચના આરોપમાં ૨૦ વર્ષની લડત, નિર્દોષ જાહેર થયા બાદ રાત્રે જ પ્રાણ પંખેરુ ઉડી ગયું

## નજીવી રકમની લાંચના આક્ષેપમાં ફસાયેલા પોલીસ કોન્સ્ટેબલને લાંબી કાનૂની લડત બાદ હાઈકોર્ટે નિર્દોષ છોડી મૂકવાનો ઐતિહાસિક ચુકાદો આપ્યો



અમદાવાદ,

ગુજરાતમાં એક એવો કિસ્સો સામે આવ્યો છે, જેમાં માત્ર ૨૦ રૂપિયા જેવી નજીવી રકમની લાંચના આક્ષેપમાં ફસાયેલા પોલીસ કોન્સ્ટેબલને લાંબી કાનૂની લડત બાદ ગુજરાત હાઈકોર્ટે નિર્દોષ છોડી મૂકવાનો ઐતિહાસિક ચુકાદો આપ્યો છે.

આ ચોંકાવનારો કિસ્સો ગુજરાતના અમદાવાદ શહેરના વેજલપુર વિસ્તારનો છે. અહીં વર્ષ ૧૯૯૭માં બનેલી એક એવી ઘટના બની હતી, જેમાં સતત ૨૦ વર્ષ સુધી ન્યાય માટે લડત લડ્યા બાદ આખરે સુખદ અંત આવ્યો છે. આ કેસમાં એક પોલીસ કોન્સ્ટેબલને માત્ર ૨૦ રૂપિયાની લાંચ લેવાના આરોપમાં સેશન્સ કોર્ટ દ્વારા સજા ફટકરવામાં આવી હતી.

ઘટના એવી છે કે, અમદાવાદના વેજલપુરમાં વર્ષ ૧૯૯૭માં એક પોલીસ કોન્સ્ટેબલ બાબુભાઈ પ્રજાપતિને માત્ર ૨૦ રૂપિયાની લાંચ લેવાના આરોપ લાગ્યો હતો, જેમાં એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા ટ્રેપ ગોઠવી તેમની ધરપકડ કરવામાં આવી હતી. લાંચ લેવા મામલે કેસ કોર્ટમાં ચાલતા તે સમયે પોલીસ કોન્સ્ટેબલ બાબુભાઈને નામદાર સેશન્સ કોર્ટે તેમને દોષિત ઠેરવીને સજાનો હુકમ કર્યો હતો. ત્યારબાદ બાબુભાઈ ૨થી ૩ મહિના જેલમાં રહ્યા હતા. સેશન્સ કોર્ટના ચુકાદાથી તેમની કારકિર્દી અને સામાજિક પ્રતિષ્ઠા પર મોટું જોખમ ઊભું થયું હતું.

જો કે, આ અન્યાય સામે બાબુભાઈએ હારી ન માની અને સેશન્સ કોર્ટના આદેશને પડકારતા બાબુભાઈએ એડવોકેટ નીતિન ટી. ગાંધી મારફતે ગુજરાત હાઈકોર્ટમાં અપીલ દાખલ કરી હતી. કોન્સેટેબલ દ્વારા ન્યાય મેળવવા માટે હાઈકોર્ટમાં કરવામાં આવેલી અપીલ બાદ ૨૦ વર્ષની લાંબી કાનૂની લડત લડ્યા બાદ તારીખ ૦૪/૦૨/૨૦૨૬ના રોજ નામદાર જજ એસ.વી. પિન્ટોએ કેસની ગંભીરતાને ધ્યાને લઈ બાબુભાઈ પ્રજાપતિને લાંચ લેવાના આરોપોમાંથી નિર્દોષ જાહેર કરીને છોડી મૂકવાનો ઐતિહાસિક હુકમ કર્યો છે.

આખરે બે દાયકા સુધી લાંબી કાનૂની લડત લડ્યા બાદ હાઈકોર્ટે પોલીસ કોન્સ્ટેબલ બાબુભાઈને નિર્દોષ છોડ્યા પછી તેમના વકીલને મળવા માટે પહોંચ્યા હતા. જ્યારે વકીલે બાબુભાઈને આગળની કાયદાકીય પ્રક્રિયા વિશે પૂછ્યું, ત્યારે તેઓ હતાશામાં છેલ્લું નિવેદન આપતા કહ્યું હતું કે, હવે કેસમાંથી છૂટ્યો છું, કઈ કરવું નથી, હવે ભગવાન બોલાવી લે તો સારું. વકીલ સાથે થયેલી આ મુલાકાત બાદ બાબુભાઈ ઘરે પરત ફર્યા હતા. જ્યારબાદ રાત્રે તેમનું આકસ્મિક મોત નીપજ્યું હતું. પ્રાથમિક માહિતી અનુસાર, પોલીસ કોન્સ્ટેબલ બાબુભાઈનું હાર્ટ એટેક આવવાને કારણે અવસાન થયું હોવાનું માનવામાં આવી રહ્યું છે.